ઈશરત જહાં કેસમાં વણઝારા, અમીનની સામે ખટલો નહી

પ્રોસીકયુશનની મંજૂરી નહી આપતાં આદેશને ટાંકીને બંને અધિકારી તેમની સામે આરોપો પડતા મુકવા અરજી કરશે

અમદાવાદ,તા. ૧૯

ચકચારભર્યા ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં આજે સીબીઆઈ તરફથી મહત્વની રજૂઆત સ્પેશ્યલ સીબીઆઈ કોર્ટમાં કરાઈ હતી કે, અગાઉના કોર્ટના નિર્દેશાનુસાર સીબીઆઈ દ્વારા આ કેસમાં પૂર્વ આઈપીએસ ડી.જી.વણઝારા અને એન.કે.અમીન વિરૂધ્ધ પ્રોસીકયુશન માટે મંજૂરી માંગવામાં આવી હતી જો કે, ગુજરાત સરકારે બંને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સામે કેસ ચલાવવાની મંજૂરી આપવા ઈન્કાર કર્યો છે.

સીબીઆઈના વિશેષ ન્યાયધીશ જે.કે. પંડ્યાએ સીબીઆઈના સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટર આર.સી.કોડેકર દ્વારા સોંપેલો પત્ર વાંચ્યા બાદ આ નિર્ણયને રેકર્ડ પર લીધો હતો અને કેસની વધુ સુનાવણી તા. ૨૬મી માર્ચે રાખી છે. સ્પેશ્યલ સીબીઆઈ કોર્ટે જણાવ્યું કે, રાજ્ય સરકારે આ પૂર્વ પોલીસ અધિકારીઓ સામે કેસ ચલાવવાની મંજૂરી આપી નથી. આ પોલીસ અધિકારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં ધારા ૧૯૭ હેઠળ આરોપી છે. ત્યારબાદ બચાવ પક્ષના વકીલે બન્ને પૂર્વ પોલીસ અધિકારી સામેની કાર્યવાહી પાછી ખેંચવા માટે અરજી દાખલ કરવાની અનુમતિ માગી હતી. જેને કોર્ટે માન્ય રાખી ૨૬ માર્ચના રોજ અરજી દાખલ કરવા તાકીદ કરી હતી. જેથી હવે બંને ઉચ્ચ પોલીસ અધિકારીઓ તરફથી પ્રોસીકયુશનની મંજૂરી નહી આપતાં રાજ્ય સરકારના હુકમને ટાંકીને તેઓની સામે આરોપો પડતા મૂકવા ફરીથી અરજી કરાશે.

સીબીઆઈના સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટર આર.સી.કોડેકરે મહત્વની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ઈશરત કેસમાં સીઆરપીસીની કલમ-૧૯૭ મુજબ, પૂર્વ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ડી.જી.વણઝારા અને એન.કે.અમીન સામે પ્રોસીકયુશન માટે જરૂરી મંજૂરી રાજ્ય સરકાર પાસેથી મેળવવા અગાઉ સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટે હુકમ કર્યો હતો. આ અંગે સરકારને કાયદાનુસાર નિર્ણય લેવા પણ કોર્ટે તાકીદ કરી હતી.

જો કે, રાજ્ય સરકારે બંને અધિકારીઓ પ્રોસીકયુશનની મંજૂરી આપી ન હતી. આ પહેલા કોર્ટે બન્ને અધિકારીઓને કેસમાંથી બિનતહોમત છોડી મૂકવા માંગણી કરતી અરજી ફગાવી સીબીઆઈને પોતાનો પક્ષ સ્પષ્ટ કરવા માટે કહ્યું હતું કે, શું તે બન્ને પૂર્વ પોલીસ અધિકારી સામે કેસ ચલાવવા માટે રાજ્ય સરકારની અનુમતિ ઈચ્છે છે? ત્યાર બાદ સીબીઆઈએ ડી.જી. વણઝારા અને એન.કે.અમીન સામે કેસ ચલાવવા માટે મંજૂરી આપવા વિનંતિ કરી રાજ્ય સરકારને પત્ર લખ્યો હતો. સીબીઆઈએ ૭ લોકો સામે દાખલ કરેલી ચાર્જશીટમાં વણઝારા અને અમીનના નામ પણ સામેલ છે. જો કે, સરકારના નિર્ણયને પગલે હવે ઉપરોકત બંને ઉચ્ચ પોલીસ અધિકારીઓને બહુ મોટી રાહત મળી છે.

ઉલ્લેખનીય છે કે, ગત તા.૧૫ જૂન, ૨૦૦૪ના રોજ અમદાવાદના કોતરપુર વોટર વર્કસ નજીક મુંબઈની ૧૯ વર્ષની ઈશરત જહાં અને તેના સાથીઓ જાવેદ શેખ ઉર્ફે પ્રણેશ પિલ્લઈ, અમજદ અલી ઉર્ફે રાજકુમાર,અકબર અલી રાણા અને જીશાન જોહર અબ્દુલ ગનીનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. ક્રાઈમબ્રાંચે દાવો કર્યો હતો કે, ઈશરત આંતકી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી હતી. આ કેસમાં ગુજરાતના ટોચના અધિકારીઓને જેલમાં જવું પડ્યું હતું. જો કે, હવે સમગ્ર કેસમાં વળાંક આવ્યો છે.

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીજી ખાતે ધરતીકંપના જોખમો તથા વૈશ્વિક ભૂકંપ મોડેલ અંગેના ભારત માટેના સ્વરૂપો અંગે વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપ ઈટાલીની ગ્લોબલ અર્થકવેક મોડેલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરાયો હતો. જેમાં ધરતીકંપના જોખમો તથા ભારતીય ઉપખંડ માટેના ખતરા અંગે મોડેલ રજૂ કરાયા હતા.

રાજ્યના નાગરિકોને હોળી-ધૂળેટીના પર્વની શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ હોળી-ધૂળેટીના પવિત્ર પર્વે રાજ્યના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના સંદેશમાં જણાવ્યુ છે કે ઉત્સાહ અને ઉમંગથી ઉજવાતું રંગોનું આ પાવન પર્વ પ્રેમ, શાંતિ અને પરસ્પર સદ્‌ભાવનાનું દ્યોતક છે.

હોલી આઈ રે... હોળીના કાઉન-ડાઉન સાથે રાજસ્થાનમાં ઉમંગ અને ઉત્સાહનો માહોલ અનુભવાય છે. રાજસ્થાની પરિવારો ગુજરાતમાં પણ ઠેર - ઠેર અને ઘેર - ઘેર હોળી ગીતો નૃત્ય સાથે ગાઈ સમાજ જીવનને ઉમંગથી ભરી દે છે. હોળી-ધુળેટીને લઈને તૈયારીઓ શરૂ થઈ ચુકી છે.

સીએમ હાઉસમાં ભાજપની મિટિંગ થતાં કોંગ્રેસ લાલઘૂમ

અમદાવાદ,તા. ૧૯

ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક બોલાવવામાં આવતાં કોંગ્રેસ પક્ષ દ્વારા ભાજપ સામે ચૂંટણી આચારસંહિતા ભંગ બદલની ફરિયાદ ચૂંટણી પંચ સમક્ષ નોંધાવવામાં આવી છે, જેને લઈ ચૂંટણીનું રાજકારણ ગરમાયું છે. લોકસભા ચૂંટણીને લઈ ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો ગજગ્રાહ શરૂ થઈ ગયો છે. બંને પક્ષે એકબીજાની ભૂલ કે ચૂક શોધી તરત જ પ્રહાર કરવાની તક જવા દેવામાં આવતી નથી. આ માટે ભાજપ અને કોંગ્રેસ દ્વારા સંગઠનના ચોક્કસ માણસોને આવી બાબતોનું ધ્યાન રાખવાની જવાબદારી પણ સોંપી દેવામાં આવી છે કે જેથી ચૂંટણી આચારસંહિતના ભંગનો કોઈ મુદ્દો ધ્યાનમાં આવે કે તરત જ હરીફ પક્ષને સાણસામાં લઈ શકાય. ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને આજે ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો ધમધમાટ ચાલ્યો હતો. જેમાં ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા માટે બહુ મહત્વની કવાયત અને ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસે રાજ્ય ચૂંટણીપંચને ફરિયાદ કરી છે કે, લોકસભાની ચૂંટણીને પગલે આચારસંહિતા અમલમાં છે ત્યારે મુખ્યમંત્રી નિવાસસ્થાન એ સરકારી મકાન છે જેમાં પક્ષ-રાજકીય પ્રવૃતિ કરી શકાય નહી. કોંગ્રેસે રાજ્ય ચૂંટણીપંચને એવી ફરિયાદ કરી છે કે, મુખ્યમંત્રીનુ નિવાસ એ સરકારી મકાન છે. તેમને નિવાસ માટે અપાયેલુ છે એનો અર્થ એવો નથી કે, તેમાં રાજકીય પ્રવૃતિ થઈ શકે. તા.૧૭-૧૮મી માર્ચથી અહીં ભાજપના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે આચારસંહિતાનો ભંગ ગણાય. આ મામલે તપાસ કરી કાર્યવાહી કરવા કોંગ્રેસે માંગ કરી છે. દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો.મનિષ દોશીએ એવો આક્ષેપ કર્યો છે કે, આચારસંહિતા અમલમાં હોવા છતાંય ભાજપના સત્તાધીશો સરકારી મિલ્કતોનો દુરપયોગ કરી રહ્યાં છે. આ ઉપરાંત મુખ્યમંત્રી નિવાસસ્થાન તો નોટિફાઈડ એરિયામાં છે. આ ફરિયાદને આધારે રાજ્ય ચૂંટણીપંચે ગાંધીનગર કલેક્ટરને સમગ્ર મુદ્દે તપાસ કરવા આદેશ આપ્યાં છે. ગાંધીનગર કલેક્ટર એસ.કે. લાંગાએ જણાવ્યું કે, ૨૪ કલાકમાંજ આ મામલે તપાસ કરી રાજ્ય ચૂંટણીપંચને અહેવાલ મોકલી આપવામાં આવશે. ગાંધીનગર કલેક્ટરે પણ આ દિશામાં તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. આજે પણ દિવસભર મુખ્યમંત્રી નિવાસસ્થાને બેઠકોનો દોર જામ્યો હતો. આવતીકાલે પણ આ જ સ્થળે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા કરવામાં આવનાર છે. હવે રાજ્ય ચૂંટણીપંચ શુ પગલાં લે છે તેના પર સૌની નજર છે. જો કે, કોંગ્રેસની આ ફરિયાદને પગલે રાજકારણ ચોક્કસ ગરમાયું છે.

ચામુંડા બ્રીજ નજીક નકલી ઘી બનાવવાના કાંડનો પર્દાફાશ

અમદાવાદ, તા.૧૯

શહેરના અસારવા વિસ્તારમાં ચામુંડા બ્રીજ પાસેથી શહેર ક્રાઈમબ્રાંચે બાતમીના આધારે નકલી ઘી બનાવવાનું કૌભાંડ પકડી પાડયું હતુ. પોલીસે ઘટનાસ્થળેથી અમૂલના પાઉચ અને ડબ્બા સહિત રૂ.૩.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને આરોપી શખ્સોની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના અસારવા વિસ્તારમાં ચામુંડા બ્રીજ પાસે ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ ચોક્કસ બાતમીના આધારે સુમેલ બિઝનેસ પાર્ક-પમાં આવેલી દુકાનમાં દરોડા પાડ્યા હતા. દુકાનમાંથી અમૂલ ઘીના પાઉચ અને ડબ્બા મળી આવ્યા હતા. પોલીસે અમૂલના કર્મચારી પાસે ખાતરી કરાવતા ઘી નકલી હોવાનું જણાવ્યું હતું. એફએસએલના અધિકારી પાસે તપાસ કરાવતા પામોલિન અને વનસ્પતિ ઘી મિક્સ કરી અને નકલી ઘી બનાવતા હોવાનું કૌભાંડ બહાર આવ્યું હતું.

પોલીસે ઘી બનાવવાના સાધન, ઘીના પાઉચ અને ડબ્બા વગેરે સહિત રૂ. ૩.૪૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં નવરંગપુરામાં રહેતા ભરત પટેલ નામના શખ્સની માલિકીની આ દુકાન હોવાનું બહાર આવ્યું હતું. તેણે બનાસકાંઠાના માલગઢના રહેવાસી રમેશ સાંખલા અને ડીસાના માળી નેમાભાઈને ભાડે દુકાન આપી હતી. ત્યારબાદ આ બંને શખ્સો તેમની ટોળકી અને સહઆરોપીઓની મદદથી વનસ્પતિ ઘી અને પામોલિન અસલી ઘીમાં ભેળવી નકલી ઘી બનાવવાનું કૌભાંડ આચરતા હતા. પોલીસે હવે આ બંને શખ્સોની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. સાથે સાથે આ બંને આરોપીઓ કેટલા સમયથી આ નકલી ઘી બનાવવાનું કૌભાંડ ચલાવતા હતા અને સમગ્ર કૌભાંડમાં અન્ય કોણ કોણ સંડોવાયેલું છે તે સહિતના મુદ્દાઓની તપાસ શરૂ કરી છે.

ખોડલધામના આંતરિક ડખામાં સ્થાનિક રાજકારણ ગરમાયુ છે

મહિલા સમિતિ પ્રમુખ સહિત કન્વીનરનું રાજીનામું : મહિલાઓની નોંધ લેવાતી નહી હોવાથી મહિલા સમિતિમાં પ્રમુખ, કન્વીનરોમાં નારાજગી : તાબડતોબ નવી નિમણૂંકો

અમદાવાદ, તા.૧૯

ખોડલધામ સંસ્થાનો વધુ એક વિવાદ સામે આવ્યો છે. ખોડલધામ સંસ્થામાંથી પરેશ ગજેરાએ રાજીનામુ આપ્યા બાદ હવે વધુ એક ફટકો પડ્યો છે. ખોડલધામ સંસ્થામાં આંતરિક વિવાદથી કંટાળી મહિલા સમિતિનાં પ્રમુખ શર્મિલાબહેન બાંભણીયા સહિત કન્વીનરોએ રાજીનામા આપી દેતાં પાટીદાર સમાજમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ખાસ કરીને સ્થાનિક રાજકારણ ગરમાયું છે. નવરાત્રી રસોત્સવ દરમિયાન આ કકળાટ શરૂ થયો હતો. આતંરિક વિવાદથી કંટાળીને મહિલા સમિતિનાં પ્રમુખ સહિત કન્વીનરોએ રાજીનામા આપતા ખળભળાટ મચ્યો છે. મહિલાઓની નોંધ ના લેવાતી હોવાના આક્ષેપ સાથે રાજીનામા આપવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ખોડલધામનાં કાર્યક્રમોમાં સંખ્યા એકત્ર કરવી અને મોટાભાગની જવાબદારી મહિલા સમિતિ પાસે હોય છે. જો કે મહિલાઓની નોંધ ના લેવાતી હોવાના આક્ષેપ સાથે ખોડલધામ મહિલા સમિતિનાં પ્રમુખ, રાજકોટ જિલ્લા કન્વીનર, વોર્ડ કન્વીનરો અને ઝોન કન્વીનરોએ રાજીનામા આપી દીધા છે. મહિલા સમિતિનાં પ્રમુખ શર્મિલાબહેન બાંભણીયા, કન્વીનર અનિતાબેન દુધાત્રા, જાગૃતિબેન ઘાડિયા, જયોત્સનાબેન ટીલાળાએ રાજીનામા આપી દેતા ખોડલધામ સંસ્થાને ફટકો પડ્યો છે. આ મહિલાઓનાં રાજીનામા બાદ અન્ય કન્વીનરોને રાતોરાત જવાબદારી સોંપવામાં આવી છે. તો એવી પણ ચર્ચાએ જોર પકડ્યું છે કે જેમને જવાબદારી સોંપવામાં આવી છે તે વધારે માનીતા છે. તો વિવાદને ટાળવા માટે અત્યારે રાજકોટમાં વોર્ડ વાઈઝ અને ઝોનનાં કન્વીનરોની ટીમ બનાવી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે ક, ખોડલધામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને મળેલી સફળતા બાદ પરેશ ગજેરાને પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. જો કે ત્યારબાદ નરેશ પટેલ સાથેનાં વિવાદને લઈને ગજેરાએ ખોડલધામમાંથી રાજીનામુ આપ્યું હતુ. બીજી તરફ પરેશ ગજેરા લોકસભા ચૂંટણી લડશે તેવી પણ ચર્ચા છે. તેમના સમર્થકોએ રાજકોટનાં અનેક વિસ્તારોમાં તેમના પોસ્ટર લગાવ્યા હતા અને પરેશ ગજેરાએ કહ્યું છે કે, જો ઓફર મળશે તો તેઓ વિચારશે.

રાજસ્થાની સમાજની મહિલાઓએ હાલમાં રાષ્ટ્રવાદના માહોલ વચ્ચે વિશેષરીતે આર્મી વસ્ત્રોમાં હોળીની ઉજવણી કરી હતી.

આરટીઈમાં પ્રવેશ પ્રક્રિયાને લઈને હજુ ભારે ઉદાસીનતા

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં રાઈટ ટુ એજયુકેશન એક્ટ (આરટીઈ) હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦ માટે ધોરણ-૧માં પ્રવેશની કામગીરીનાં આ વર્ષે માર્ચ મહિનો પૂરો થવા આવ્યો હોવા છતાં કોઈ ઠેકાણાં નથી, જેને લઈ ખાસ કરીને ગરીબ અને નબળા વર્ગના વાલીઓમાં ચિંતા વ્યાપી ગઈ છે.

દર વર્ષે ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજય સરકાર સહિત શિક્ષણ સત્તાવાળાઓને ઉદ્દેશીને આરટીઈ હેઠળના પ્રવેશ માટે કરાતા મહત્વના આદેશો છતાં સરકારી તંત્ર દ્વારા પ્રવેશ કાર્યવાહીને લઈ કોઈ ગંભીરતા દાખવાઈ હોય તેવું જણાતું નથી. ગત વર્ષની આરટીઈ હેઠળની પ્રવેશ કાર્યવાહી તા.૧૬ ફેબ્રુઆરીથી શરૂ કરાઈ હતી, જયારે આ વર્ષે માર્ચ વીતવા આવ્યો છતાં હજુ સુધી આરટીઈ પ્રવેશ પ્રક્રિયાના ઠેકાણાં પડયા નથી. એક તરફ રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત વિદ્યાર્થીઓને મોડાં એડમિશન આપવામાં આવે તો વિદ્યાર્થીઓને એક સત્રનું ભણતર ગુમાવવું પડે અને પાયો કાચો રહી જાય તેવું કહી પ્રવેશ અપાતો નથી તો બીજી તરફ રાજય સરકાર દ્વારા આરટીઈ અંતર્ગત જૂનથી તમામ બાળકોને સમયસર પ્રવેશ મળી જાય એવું આયોજન ઘડાતું નથી ત્યારે આ બે વચ્ચે આરટીઈમાં પ્રવેશ લાયક વિદ્યાર્થીઓની હાલત સેન્ડવિચ જેવી થાય છે. ગત વર્ષે જ રાજયમાં ૩૩,૮૮૩ વિદ્યાર્થીઓ ધો.૧માં પ્રવેશથી વંચિત રહી ગયા હતા જયારે રાજયની શાળાઓમાં ૩૩,૮૩૮ બેઠકો ખાલી રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે લઘુમતી શાળાઓ આરટીઈ પ્રવેશ મુદ્દે કોર્ટમાં ગઈ છે. સાથે સાથે બાળકોને શાળામાં પ્રવેશ માટે પાંચ વર્ષ અને છ વર્ષની મર્યાદા અંગેનો કેસ પણ કોર્ટમાં છે. આ વર્ષે માર્ચ માસનો મધ્ય ભાગ વીતી ગયો છે, છતાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ધો.૧માં પ્રવેશની પ્રક્રિયાનો આરંભ પણ થયો નથી. ગત વર્ષે ફેબ્રુઆરીના આરંભમાં આરટીઈ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા શરૂ થયેલી પણ બાદમાં છ માસ વીત્યા છતાં પૂર્ણ થઈ ન હતી.

આ વર્ષે તો જૂન-૨૦૧૯થી શરૂ થનારા સત્રમાં સમયસર પ્રવેશ મળે તેવી આશા લાગતી નથી. આ અંગે પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.આઈ. જોશીએ જણાવ્યું હતું કે, હાલમાં પોર્ટલ ચેક કરવાની કામગીરી ચાલી રહી છે.

આરટીઈ પ્રવેશ અંગે જાહેરાત કરવામાં આવશે. ગત વર્ષે પ્રવેશના ત્રણ-ત્રણ રાઉન્ડ યોજ્યા છતાં ગુજરાતમાં ૩૩,૮૮૩ વિદ્યાર્થીઓ ધો.૧માં પ્રવેશ વંચિત રહી ગયા હતા અમદાવાદ શહેર સહિત રાજયભરની પ્રાથમિક શાળાઓમાં સમાજના ગરીબ અને નબળા વર્ગનાં બાળકો માટે ૨૫ ટકા અનામત બેઠકો પર ઓનલાઈન પ્રવેશ આપવાની પ્રક્રિયાનો પ્રારંભ સામાન્ય રીતે ફેબ્રુઆરીથી થઈ જાય છે. ગત વર્ષે અમદાવાદ શહેરમાં ૧૯ હજાર જેટલાં બાળકોને આરટીઈ એકટ હેઠળ પ્રવેશ આપવાનો ટાર્ગેટ રખાયો હતો.

નવી સિરીઝ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પસંદગીના નંબરો મેળવવા માટે પણ વાહનમાલિકો ઉંચા દામ ચુકવે છે. જીજે -૧૮ ના રૂઆબદાર પાસીંગ સાથે પસંદગીના નંબરો મેળવવા પણ વાહન માલિકો ઉત્સુક હોય છે. આ માટે હરાજીમાં ભાગ લઈ પસંદગીના નંબરો માટે મોટી રકમ ચુકવે છે. આંકડા સાથે જોડાયેલી માન્યતા અને ન્યુમેરોલોજી પણ વાહન ચાલકો માટે વિશેષ લગાઉનો વિષય છે. શહેરમાં પોતાના વાહનોનો એક જ નંબર ધરાવતા પણ અનેક પરિવારો છે. જેમાં પોતાની પસંદગીનો નંબર જ મેળવવાનો આગ્રહ વિશેષ છે. જેમાં વિવિધ નંબરો વાહનચાલકો માટે પસંદગીના કેન્દ્ર સ્થાને રહેતા હોય છે. આગામી દિવસોમાં આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરમાં નવી સીરીઝ શરૂ થવાની છે. જેને અનુલક્ષી ટુંકમાં જ અરજદારોએ પોતાની અરજી કરી દેવાની રહેશે. આગામી તા ૫ એપ્રિલના રોજ નવી સિરીઝને અનુલક્ષી પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે.

ડિપોઝીટો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. રિકવરી માટે જિલ્લા મહેસુલી તંત્ર બેંકોની સાથે રહેશે તેવી ખાતરી પણ જિલ્લા કલેક્ટરશ્રીએ દોહરાવી હતી.

જિલ્લામાં વિકાસની રહેલી વિપુલ તકોને ધ્યાને રાખી હાઉસીંગ ક્ષેત્ર તેમજ કૃષિક્ષેત્ર તરફ બેંકો વધુ ધ્યાન કેન્દ્રીત કરે તેવો આગ્રહ પણ કરવામાં આવ્યો હતો.

સંપત્તિ જપ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકી સઈદ સલાઉદ્દીન પાકિસ્તાનના રાવલપિંડીનો વતની છે. તે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ અને ત્યાં સક્રિય અન્ય સંગઠનોની સહ પર (જમ્મુ એન્ડ કાશ્મીર અફેક્ટીસ રિલીફ ટ્રસ્ટ) નામથી એક ટ્રસ્ટની આડમાં ભારતીય જમીન પર આતંકવાદ મો ફંડ આપી રહ્યો છે. ઈડીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, તપાસમાં જણાવા મળ્યું છે કે, ટેરર ફંડિંગનો ભારતમાં હવાલો અને અન્ય ચેનલોના માધ્યમથી મોકલવામાં આવે છે. શાહ ટેરર ફંડિંગના એક કેસમાં દિલ્હીની તિહાર જેલમાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંયુક્ત રાષ્ટ્રમાં જેશના લીડર મસુદ અઝહર પર પ્રતિબંધ મુકવા માટેના પ્રસ્તાવ પર ચીને વીટોનો ઉપયોગ કર્યા બાદ પણ તેની સામે કાર્યવાહીનો દોર શરૂ થઈ ગયો છે. હવે આતંકવાદ સામેની લડાઈને વધારે નિર્ણાયક બનાવીને ફ્રાન્સે મસુદ અઝહરની સામે નિર્ણાયક કાર્યવાહી કરી છે. તેની નાણાંકીય રીતે કમર તોડી નાંખવાના હેતુથી તેની તમામ સંપત્તિ જપ્ત કરવાનો ફ્રાન્સે નિર્ણય કર્યો છે. ફ્રાન્સની સાથે અન્ય દેશો પણ આ દિશામાં આગળ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મસુદની તરફેણમાં વીટોનો ઉપયોગ ચીન દ્વારા કરવામાં આવ્યા બાદ તેની ચારેબાજુ ટિકા થઈ રહી હતી. જેશની સામે ફ્રાન્સની આન સૌથી મોટી કાર્યવાહી તરીકે ગણવામાં આવે છે. ફ્રાન્સ સરકારના ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલય દ્વારા સંયુક્ત નિવેદન જારી કરીન આ મુજબની વાત કરવામાં આવી છે. ફ્રાન્સે એમ પણ કહ્યુ છે કે તે મસુદને યુરોપિયન યુનિયનની ત્રાસવાદી સંગઠનોની યાદીમાં સામેલ કરવા માટે કામ કરશે. જો કે, પાકિસ્તાન પર પણ આતંકવાદી મસૂદ પર કાર્યવાહીને લઈને જોરદાર વૈશ્વિક દબાણ છે. પુલવામામાં સીઆરપીએફના કાફલા પર થયેલા આત્મઘાતી હુમલાની જવાબદારી જૈશે મોહમ્મદે સ્વીકારી હતી જેમાં ૪૦ જવાનો શહીદ થયા હતા.

કેમ નિષ્ફળ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છો, તમે દિગ્ગજ નેતા છો, તમારી ૫૬ ઈંતની છાતી છે. તો રોજગાર કેમ નથી મળી રહ્યો? કારણ કે આ તેમની દુર્લભતા છે અને આ સરકાર પણ દુર્લભ છે. કોંગ્રેસ મહાસચિવે પુછ્યું કે પાંચ વર્ષમાં સરકારે શું કર્યું? કંઈ જ કર્યુ નથી. તેમણે ૭૦ વર્ષનાં મુદ્દા પર પણ મોદીને ઘેર્યા છે. પ્રિયંકાએ કહ્યું કે, ૭૦ વર્ષનાં રટણનું પણ એક્સપાઈરી ડેટ હોય છે.

પ્રયાગરાજમાં ગંગા તટે સ્થિત પૌરાણિક સ્થળ સીતામઢી પહોંચ્યા બાદ પ્રિયંકાએ માછીમારો અને મહિલાઓ સાથે સંવાદ કર્યો. લોકશાહીમાં જનતાની તાકાત જણાવતાં અપીલ કરી કે દેશ અને બંધારણને બચાવવા માટે સમજી વિચારીને વોટ કરજો. પ્રિયંકાએ કહ્યું કે મેં અને મારા ભાઈએ ઘણો જ સંઘર્ષ જોયો છે. પિતા અને પરિવારના બલિદાનને જોયો છે. રાહુલને સત્તાનો શોખ નથી તે તમારી ભલાઈ ઈચ્છે છે.

પ્રિયંકા ગાંધીની બોટ યાત્રાનું આજે વારાણસી ખાતે સમાપન થશે. પ્રિયંકા ગાંધી વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરના દર્શન માટે જશે, પરંતુ વારાણસીમાં પ્રિયંકાના આગમન સામે અત્યારથી જ વિરોધ શરૂ થઈ ગયો છે. પ્રિયંકા કાશી પહોંચે તે પહેલાં તે ખ્રિસ્તી હોવાથી કાશી વિશ્વનાથ મંદિરમાં તેમના પ્રવેશ સામે વિરોધ શરૂ થઈ ગયો છે.

દરમિયાન સોમવારે પ્રયાગરાજથી પ્રિયંકા ગાંધીએ પોતાની બોટ યાત્રા શરૂ કરી હતી અને ૫૦ કિ.મી.ના માર્ગમાં પ્રિયંકા ગાંધીએ કેટલાંય સ્થળોએ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. બોટ યાત્રા દરમિયાન પ્રિયંકા ગાંધીને મળવા મોટી સંખ્યામાં લોકો ઘાટ પર ઊમટી પડયા હતા.

પ્રારંભ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમ દિવસે પણ કેટલાક ઉમેદવારો દ્વારા શુભ સમયમાં ઉમેદવારી કરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં ઉત્તરપ્રદેશની આઠ, બંગાળની બે સીટો પર મતદાન થનાર છે. પ્રથમ તબક્કામાં ઉત્તરાખંડની તમામ પાંચ, આંધ્રપ્રદેશની તમામ ૨૫ અને તેલંગાણાની તમામ ૧૭ સીટો પર મતદાન યોજાના છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ ઉપર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે. દિલ્હીમાં છઠ્ઠા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન થશે. સૌથી વધારે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળમાં સાતમાં રાઉન્ડમાં મતદાન થશે અને

તમામ તબક્કામાં અહીં મતદાન થનાર છે. ૨૨ રાજ્યોમાં એક તબક્કામાં મતદાન થશે. તમામ મતદાન મથકો ઉપર વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવી છે. આનાથી વોટરો એ બાબતને જાણી શકશે કે, તેમના મત યોગ્ય ઉમેદવારને પડ્યા છે કે કેમ. આ વખતે ઈવીએમની અનેક સ્તર પર સુરક્ષાની ખાતરી કરવામાં આવી છે. દરેક ઉમેદવારને ફોર્મ ૨૬ ભરવાની ફરજ પડશે. દેશભરમાં કુલ ૧૦ લાખ પોલિંગ સ્ટેશનો ઉપર મતદાન કરાવવામાં આવશે. ૨૦૧૪માં આ સંખ્યા ૯ લાખ હતી. આ વખતે કેટલીક નવી વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.

ઝંઝાવતી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાથમાં છે જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ, નાણામંત્રી અરુણ જેટલી, વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ નિયમિતરતે અલગ અલગ ટીમોની સાથે બેઠક યોજીને પ્રચારને આખરી ઓપ આપવાની તૈયારીમાં છે. આ ઉપરાંત પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા પણ પ્રાદેશિક સંગઠન સાથે વડાપ્રધાન સહિત અન્ય સ્ટાર પ્રચારકોના કાર